1. કુતુબુદીન ઐબકના સ્થાપત્ય વિશે નોંધ લખો.

- શિહાબુદીન મોહમ્મદ ઘોરીના ગલામ કૂટુંબદીન ઐબક થી 'ગુલામવંશ' કે 'મામલુકવંશ'ની શરૂઆત થઈ. કુતુબુદીન ઐબકે દિલ્લીમાં કુવૈત-ઉલ-ઈસ્લામબંધાવ્યો. તેણે અજમેરમાં બંધાવેલ 'ઢાઈ દિન કા ઝોપડા' નામની મસ્જિદ નોંધપાત્ર સ્થાપત્ય છે. પ્રસિદ્ધ કુતુબમિનાર બાંધવાની શરૂઆત તે કરી હતી.

2. અમીર ખુશરો વિશે માહિતી આપો.

- અલાઉદ્દીન ખલજીના દરબારમાં અમીર ખુશાર નામના એક મહાન કવિ, સંગીતકાર અને ગાયક હતો. અમિર ખુશરો અને હિન્દુ કલાકાર ગોપાલ સાથેની ગીત, સંગીત ચર્ચા ધણી રસપ્રદ છે. ખુશરોએ 'કવ્વાલી' નામની પ્રસિદ્ધ ગાયન અને વાદન પદ્ધતિ વિકસાવી હતી. અમીર ખુશરોએ વીણામાં સુધારા-વધારા કરીને સિતારે જેવું વાજિત્ર બનાવ્યું હતું, જે ઘણું પ્રસિદ્ધ થયું હતું. અમીર ખુશરોના પુસ્તક 'ખઝાઈન- ઉલ - કન્...'માં અલાઉદીન ખલજીના આર્થિક સુધારાઓની માહિતી છે. અમીર ખુશરોએ હિન્દુ અને ઈરાની સંગીતકલાનો સુભગ સમન્વય સાધ્યો હતો.

3. સલ્તનતકાલીન મહેસૂલી વ્યવસ્થા સ્પષ્ટ કરો,

- સલ્તનતે સમયમાં અલાઉદીન ખલજીએ નવીન વહીવટી સુધારા દાખલ કરી પોતાની પ્રતિભા દર્શાવી. અલાઉદીન ખલજીએ બજાર અર્થતંત્રનો પાયો નાખ્યો. તેણે 'શહનાયે મંડી' નામના બજારના અધિક્ષકની નિમણુક કરી. અલાઉદ્દીન ખલજીએ મહેસૂલી વ્યવસ્થાને વધારે વ્યવસ્થિત બનાવવા કેટલાક સુધારાઓ કર્યા. જૂની મહેસૂલી નીતિમાં મહત્ત્વપૂર્ણ ફેરફારો કરી તેમાં નવી પદ્ધતિ અમલી બનાવી અને મહેસૂલી આવક વધારવાના પ્રયત્નો કર્યા. રાજયના અમીરો, સરદારો, અધિકારીઓ અને ધાર્મિક વ્યક્તિઓની જાગીર તથા વ્યક્તિગત જમીન લઈ લીધી. આથી રાજ્યની આવકમાં વધારો થયો.
- જમીનની વૈજ્ઞાનિક રીતે નવેસરથી પુનઃમાપણી કરવામાં આવી અને એ મુજબ મહેસૂલની આકારણી કરવામાં આવી. ખેડૂતોની વાસ્તવિક આવક પર મહેસૂલ નક્કી કરવામાં આવ્યું. મહેસૂલ વિભાગની કાર્યદક્ષતા વધારવા અનેક નાના-મોટા અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવી. અધિકારીઓ લાંચ-રૂશ્વત પર આધાર ના રાખે તે માટે તેમનું વેતન વધારવામાં આવ્યું. ખેડૂતને જમીન મહેસુલ અનાજ અથવા રોકડ નાણામાં આપવાની છૂટ હતી. અલાઉદીને મહેસુલી વ્યવસ્થામાં કરેલા સુધારાઓની દષ્ટિએ આ પ્રકારના સુધારાઓ કરનાર તે પ્રથમ શાસક હતો.

4. સલ્તનતના પતન બાદનાં મહત્વપૂર્ણ રાજ્યો ક્યાં હતાં?

- સલ્તનતના પતન બાદનાં મહત્ત્વપૂર્ણ રાજ્યો આ પ્રમાણે હતાં : 1) ગુજરાત, (2) ખાનદેશ, (3) માળવા, (4) જૌનપુર, (5) બંગાળ, (6) સિંધ, (7) મુલતાન, (8) વિજયનગર અને (9) બહમની.

5.વિજયનગર સામ્રાજ્ય વિશે માહિતી આપો.

- માધવ વિદ્યારણ્ય નામના વિદ્વાન સંન્યાસીના શિષ્ય હરિહર અને બુકકારાય એ તુંગભદ્રા નદીના કિનારે ગંદીના કિલ્લા સામે 'હમ્પી' ખાતે 'વિજયનગર' નામના રાજ્યની સ્થાપના કરી. વિજયનગર સામ્રાજ્ય ચાર વંશોમાં

વહેચાયેલું હતું. પ્રથમ ''સંગમવંશ'' હતો તેમાં હરિહર, બુકકારાય, હરિહર બીજો દેવરાય બીજો જેવા મહત્ત્વપૂર્ણ રાજા ઓ હતા. બીજો વેશ 'સાલુવંશ' હતો. તેની શરૂઆત નરસિંહ સાલૂએ કરી હતી. આ વંશમાં નરસનાયકનો સમાવેશ થાય છે. ત્રીજો વંશ તુલુવંશ હતો. તેમાં વીરનરસિહ અને કુમાદેવરાયનો સમાવેશ થાય છે. કૃષ્ણદેવરાય તકલીન નિન્દનો સૌથી મહાન રાજા હતો.

- કૃષ્ણદેવરાયે ઓરિસાના ગજપતિખો અને બહુમની રાજ્યના મુસ્લિમ શાસકોને હરાવ્યા હતા. તેણે ગોલ શું છે અને સિાચલમ સુધી વિજયો મેળષ્મા હતા. તેણે રાયચૂરનો કિલ્લો જીતી લીધો હતો. કૃષ્ણદેવરાય કલા અને સ્થાપત્યનો પુરસત હતો. તેને પોર્ટુગીઝો સાથે સારા સંબંધો હતા. તેના શાસનકાળમાં ગાવેલા વિદેશી પ્રવાસી ડોમિનોસ પાયઝ અને ફનડો -નિઝે કુષ્ણદેવરાયની ભારે પ્રશંસા કરી છે.
- તે ઉત્તમ સાહિત્યકાર ઍવાના કારણે 'આંધ્રભોજ' કહેવાતો. તેણે વિદ્વાનો, કવિનો અને કલાકારોને આશ્રય આપ્યો હતો. તેણે તેલુગુમાં 'આમુક્ત- માલ્યાદા' કાવ્યની રચના કરી. તેણે નાગલપુર નામનું શહેર વસાવ્યું તથા હારા વનને વિઠ્ઠલ સ્વામીનાં મંદિરોનું નિર્માણ કરાવ્યું. કુષ્ણદેવરાયનાં મૃત્યુ બાદ નિર્મળ શાસકો સત્તા પર આવતાં બીજાપુર, અહમદનગર, ગોલ ફંડા અને બદિર જેવાં બહુમની રાજ્યોએ ભેગા મુળી તાલિકોય પાસેના રાક્ષસીતગડીના યુદ્ધમાં વિજયનગરને પરાજય આપ્યો અને વિજયનગરના સામ્રાજ્યનું પતન થયું.

### 5. મોહમ્મદ ઘોરીનાં ભારત પરનાં આક્રમણો જણાવી તેનાં પરિણામો સ્પષ્ટ કરો.

- શિહાબુદીન મોહમ્મદ ઘોરીનો જન્મ ઈ. સ. 1178માં ગઝનીની ઉત્તરે આવેલા તેના ખંડિયા રાજ્ય ઘોરમાં થયો હતો. મહેમૂદ ગઝનવીના અવસાન બાદ ગઝનીની ગાદીએ નિર્બળ શાસકો આવ્યા. તેનો લાભ લઈને ઘોરીના સરદાર ગ્યાસુદીને ગઝની પરેપોતાનો અધિકાર સ્થાપિત કરી દીધો. ગઝનીના સૂબા તરીકે તેણે પોતાના ભાઈ મોહમ્મદ ઘોરીને નિયુક્ત કર્યો.
- ગ્યાસુદીનનું અવસાન થતાં મોહમ્મદ ગઝની અને પોર રાજયને એક કરી દીધાં અને મજબૂત શાસનવ્યવસ્થા ગોઠવી. મોહમ્મદ સાહસિક અને મહત્ત્વાકાંક્ષી હોવાથી તેણે ભારત પર આક્રમણ કરવાની યોજના બનાવી. આ સમયે ભારતની રાજકીય તેમજ સામાજિક સ્થિતિ અજંપાભરી અને અરાજકતાભરી હતી. તુર્ક આક્રમણો માટે આ અનુકુળ વાતાવરણ હતું. આ પરિસ્થિતિનો લાભ લઈ મોહમ્મદ ઘોરીએ ઈ. સ. 1175થી 1206 દરમિયાન ભારત પર અનેક વાર આકમણો કર્યા હતા.
- મોહમ્મદ ઘોરીનાં ભારત પરનાં આક્રમણો : ઈ. સ. 1175માં તેણે મુલતાન પર આક્રમણ કરી તેને કબજે ક્યું. ત્યારપછી કચ્છ જીતી લીધું અને પછી સિધ મેળવ્યું. ઈ. સ. 1186માં પંજાબ પર અલક મણ કરી પંજાબ અને લાહોર પર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. ઈ. સ. 1191માં તરાઈના પ્રથમ યુદ્ધમાં પૃથ્વીરાજ ચૌહાણ સામે મોહમ્મદ ઘોરીનો પરાજય થયો. આ પરાજયનો બદલો લેવા ઈ. સ. 1192માં તેણે પૃથ્વીરાજ પર આક્રમણ કર્યું. તરાઈના આ યુદ્ધમાં પૃથ્વીરાજનો પરાજય થયો. પૃથ્વીરાજને ટેકો નહિ આપનાર કનોજના રાજા જયચંદને બીજા જ વર્ષે પરાજય આપી, તેણે તેનું રાજ્ય લૂંટી લીધું.
- પરિણામો : મોહમ્મદ ઘોરીનાં ભારત પરનાં આક્રમણોનાં નીચે મુજબ કેટલાંક નોંધપાત્ર અને સ્થાયી પરિણામો આવ્યા. સમ્રાટ હર્ષવર્ધનના અવસાન બાદ અસ્તિત્વમાં આવેલા રાજપૂત યુગના રાજાઓને પરાજય આપતાં ભારતમાં હિન્દુ (રાજપૂત) સત્તાનું સ્થાન મુસ્લિમ (સુલતાન) શાસકોએ લીધું. મુસ્લિમ સત્તાને પરિણામે સામાજિક

અને ધાર્મિક પરંપરામાં ફેરફારો થયા. મુસ્લિમ શાસકોએ ઇસ્લામ ધર્મના પ્રચાર માટે રાજ્યનાં તમામ સાધનોનો ઉપયોગ કર્યો. જેમને રાજ્યપદ, સુખ અને સમૃદ્ધિ મેળવવાં હતાં તેમણે ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો.

- ભારતની અઢળક સંપત્તિ પર તુર્ક સુલતાનોનો કબજો આવી જતાં તેમણે સમગ્ર આર્થિક માળખાને પોતાની પરંપરા અનુસાર ગોઠવ્યું.ભારતમાં મુસ્લિમ સામ્રાજ્ય સ્થપાતાં ગઝની, ખુરાસાન અને બલ્ખ વગેરે આરબ - મુસ્લિમ દેશો સાથેનો વ્યાપાર-રોજગાર ગાઢ અને ઘનિષ્ઠ બન્યો. મુસ્લિમ સંતોએ ઇસ્લામ ધર્મનો શાંતિ અને સમજાવટથી પ્રચાર કર્યો. તેનાથી ભારતીય સાહિત્ય, કલા અને સામાજિક જીવન પ્રભાવિત થયાં. એ જ રીતે ભારતીય બાબતોએ મુસ્લિમોને પણ પ્રભાવિત કર્યા. પરિણામે બંનેની સમન્વયકારી નવી સંસ્કૃતિનો આવિભવ થયો.

7. દિલ્લી સલ્તનતની સ્થાપનાના પ્રારંભિક સંજોગો જણાવી કુતુબુદીન ઐબકની ભૂમિકા જણાવો.

- ઈ. સ. 1192માં તરાઈના બીજા યુદ્ધમાં રાજપૂત રાજા પૃથ્વીરાજ ચૌહાણનો પરાજય થયો અને ભારતમાંથી રાજપૂત યુગનો અંત આવ્યો. મોહમ્મદ ઘોરીએ પૃથ્વીરાજ ચૌહાણની માફક અન્ય રાજાઓને પણ પરાજય આપ્યો. તેણે પોતાના ગુલામ કુતુબુદીન ઐબકને ભારતમાંના પોતાના સામ્રાજ્યના સુબા તરીકે નીમ્યો. ગઝની પરત જતાં માર્ગમાં સિંધના ખોખરોને હાથે ધમચક નામના સ્થળે મોહમ્મદ ઘોરીનો વધ થયો. (ઈ. સ. 1206) મોહમ્મદ ઘોરી પોતાની પાછળ કોઈ ઉત્તરાધિકારી મહી ગયો ન હતો. પરંતુ તેની એવી ઈચ્છા હતી કે તેને પુત્ર ન હોવાથી દિલ્લીના સત્તા તેના પ્રિય અને વિશ્વાસુ ગુલામ કુતુબુદીન ઐબકને મળે. આથી કતબુદીન દિલીની ગાદી પર આવ્યો. આમ, સલ્તનત સત્તાની સ્થાપના થઈ.
- મોહમ્મદ ઘોરીના અવસાન પછી તેનું સીધોગ્ય ચાર જ ભાગોમાં વહેંચાઈ ગયું. તેમાં દિલ્લીનું રાજ્ય કુતબુદીન ઐબકને મળ્યું. તે આગળ જતાં સૌથી સફળ શાસક પુરવાર થયો. કુતુબુદીન આકર્ષક અને પ્રકશનિય સદગુણો ધરાવતો હતો. તેના ગુણોને લીધે જ મોહમ્મદ ઘોરી એ, તેને ‘ઐબક’ (ચંદ્ર જેવા મુખવાળો) ઉપનામ આપ્યું હતું. તે ગલામ મોવા છતાં મોહમ્મદ ઘોરીને તેની કર્તવ્યનિષ્ઠા અને સ્વામીભક્તિ જોઈને તેને લશકરી ટુકડીના નાયક તરીકે નિયુક્ત ક્યો હતો.
- સમય જતાં તેને ‘શામી તબેલાનો વડો અને પછી ભારત ના સામ્રાજ્યનો શાસક નીમ્યો હતો. કુતુબદીન ઐબક મામલુ કે જાતિનો તુક હોવાથી આ વંશને ‘મામલુક વંશ’ (ઈ. સ. 1206થી 1287) તરીકે ઓળખવામાં આવે છે. કુતુબુદ્દીન ઐબક (ઈ. સ. 1206થી 1210) કુતુબુદીન ઐબકને દિલ્લી સલ્તનતની રાજગાદી મળવા છતાં તેણે ‘સુલતાન’ની ઉપાધિ ધારણ કરી નહિ. તે પોતાની જાતને ‘મલિક’ કે ‘સિપલસાલાર’ તરીકે જ ઓળખાવતો હતો. તેણે પોતાના નામના સિક્કા’ પણ પડાવ્યા ન હતા. આમ થવાનું કારણ એ હતું કે કુતુબુદીન
- આ સમય સુધી ગુલામ હતો. ઈ. સ. 1908માં મોહમ્મદ ઘોરીના વારસદાર ગ્યાસુદીને તેને ગુલામીમાંથી વિધિસર ‘મુક્ત’ કરતો પત્ર, ધ્વજ અને રાજચિહન મોકલાવી ‘સુલતાન’ની ઉપાધિ પ્રદાન કરી. કુતબુદીન ઐબક એક મહાન સેનાપતિ હતો, તેનામાં અપાર સાહસ, શૂરવીરતા અને નિર્ભયતા હતા. તેણે ભારતના સામ્રાજ્યને સંગઠિત કરી તેમાં શાંતિ, સલામતી અને સુવ્યવસ્થા સ્થાપવાનું કાર્ય નિપુણતાથી પાર પાડ્યું. મુસ્લિમ લેખકોએ તેની ઉદારતા અંગે ભારોભાર પ્રશંસા કરી છે. તે લખ- બક્ષ (લાખોનું દાન કરનાર)ના નામથી પ્રખ્યાત હતો. તેણે દિલ્લીમાં જામે મસ્જિદ અને અજમેર ખાતે પણ એક મસ્જિદ બંધાવી હતી. ભારતના ઇતિકાસમાં સૌપ્રથમ મસ્લિમ સલતાન તરીકે તથા દિલ્લી સલ્તનતની સ્થાપના કરનાર તરીકે પ્રખ્યાત થયો.

## 8. ટૂંક નોંધ લખો : શમસુદીન ઈલતુત્મિશ

- કુતુબુદીન ઐબે કના અવસાન પછી તેનો પુત્ર આરામશાહ ગાદીએ આવ્યો. તેના નામ પ્રમાણે તે આરામપ્રિય હતો. કુતુબુદીન ઐબકના જમાઈ ઈલતુત્મિશ આક્રમણ કરી દિલ્લીની સતા સ્વહસ્તક કરી. ઈલતુત્મિશ તુર્ક સરદાર આલમખાનનો પુત્ર હતો. બાળપણથી ગુલામ તરીકે વેચાતો વેચાતાં કતબદીન ઐબક પાસે ગુલામ તરીકે ગુલામ તરીકે આવ્યો હતો. પોતાની આવડત, વફાદારી, શક્તિ અને કાર્યક્ષમતાને લીધે ઐબકનો વિશ્વાસ અને પ્રેમ મેળવી તે 'અમીરે શિકાર' જેવા ઉચ્ચ હોદા સુધી પહોંચ્યો હતો.
- કુતુબુદીને પોતાની પુત્રીનું લગ્ન પણ તેની સાથે કર્યું. ઇસ્તુત્મિશ (ઈ. સ. 1210થી 1236) ગાદીએ આવ્યા. પછી પ્રાંરભિક મુશ્કેલીઓનો સફળતાપૂર્વક સામનો કર્યો. તેનો મોટા ભાગનો સમય સલ્તનતને સ્થિર કરવામાં યુધ્ધો કરવામાં અને વિદ્રોહોને દબાવવામાં ગયો હતો. સુલતાનના પદને અને પ્રતિષ્ઠાને સર્વોપરી બનાવવા માટે ઇસ્તુત્મિશે એક નવા દળની સ્થાપના કરી હતી, જેનું નામ 'ચહલગાની' (ચાલીસ અમીરો) હતું. તેણે આ અમીરોને રાજયના ઉચ્ચ અધિકારી પદે નીમીને વહીવટીતંત્રને અસરકારક બનાવ્યું.
- અધિકારીઓને પગારને બદલે કાયમી જાગીર આપવાની પ્રથા તેણે શરૂ કરી હતી. ન્યાયના ક્ષેત્રે સુધારાઓ કરી ન્યાયતંત્રને વ્યવસ્થિત કરવામાં આવ્યું હતું. ઇસ્તુત્મિશ પહેલાંના મુસ્લિમ શાસકોએ લાહોરને પોતાની રાજધાની બનાવી હતી, પરંતુ ઇસ્તુત્મિશ પહેલો સુલતાન હતો, જેણે દિલ્લીને રાજધાની બનાવી હતી. આ પછી સદીઓ સુધી દિલ્લી મુસ્લિમ શાસકોની રાજધાની રહી. દિલ્લી નજીકના પ્રસિદ્ધ કુતુબમિનારનું નિર્માણકાર્ય તેણે પૂરું કરાવ્યું. ખલીફાએ આપેલી માન્યતાની ખુશાલીમાં ઇસ્તુત્મિશે ભારતમાં પ્રથમ વાર અરબી સિક્કા ચલણમાં મૂક્યો. આમ, ઇસ્તુત્મિશ ગુલામ વંશનો સૌથી મહાન અને શક્તિશાળી શાસક હતો.

## 9. ટૂંક નોંધ લખો : રઝિયા સુલતાના

- રઝિયા ઇન્તુત્મિશની પુત્રી હતી. બાળપણથી જ રઝિયાના ગુણો અને વ્યવહારોથી પ્રભાવિત થઈ ઇન્તુત્મિશે તેને શાહજાદાને શોભે તેવી લકરી તાલીમ આપી હતી. તેણે રઝિયાને પોતાની ઉત્તરાધિકારી જાહેર કરી હતી. રઝિયા ઈ. સ. 1936માં દિલ્લીના સુલતાન પદે આરૂઢ થઈ. તે સલ્તનતયુગની સર્વપ્રથમ મહિલાશાસિકા હતી. તે પુરુષસહજ વીરતા, ચપળતા અને રાજનીતિજ્ઞતા ધરાવતી હતી. રઝિયા સુલતાન પદે આવી છતાં રાજયન તમામ અમીરાં, સામંતો, માઓ અને અધિકારીઓનું તેને સમર્થન મળ્યું નહિ, કેમ કે એક પહેલા રાજયની માલિક બને એ કોઈ પણ રીતે તેમને માન્ય ન હતું.
- રઝિયા એ કુશળતા, સફળતા અને વીરતાપૂર્વક વિરોધીઓનો સામનો કરી તેમને દબાવી દીધા. તુર્કી સરદારોનો પ્રભાવ પાસવા તેણે પોતાના વફાદાર ગેર-તુર્કી સરદારોને અમીરોના ઉચ્ચ પદે પ્રસ્થાપિત ક્યાં. આ ગેર-તુર્કી અમીરોમાં આકિ કાનો એક હબસી ગુલામ જમાલુદીન યાકૃત પણ હતો. રઝિયાએ તેને 'અમીર આખુર'ના પદે નિયુક્ત કર્યો હતો. અમીરોએ તેના હબસી ગુલામ જમાલદીન પાકત સાથેના અનૈતિક સંબંધોનું બહાનું કાઢી વિદ્રોહો અને ષડયંત્રો રચ્યાં.
- રઝિયાનો વિરોધ કરનાર સર હિન્દનો તુર્કી સુબો અસ્તુનીયા હતો. રઝિયા અને યાક્ત આ વિદ્રોહ દબાવવા આગળ વધ્યાં. પરંતુ અતૂનિયાએ રેઝિયાને પરાજય આપ્યો અને કેદ કરી. યાકૂતને મારી નાખવામાં આવ્યો. રઝિયાએ મુત્સદ્દીગીરી વાપરી અબ્દુનિયા સાથે લગ્ન કરી લીધાં. પરંતુ આ સમય દરમિયાન બાકીના તકે

અમીરોએ રઝિયાના ભાઈ બહેરામશાહને દિલ્લીની ગાદીએ બેસાડી દીધો. આથી રઝિયા અને અતૂનિયાએ દિલ્લી પર આધિપત્ય સ્થાપવા કૂચ કરી. કેથલ નજીક બંને પક્ષો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. જેમાં રઝિયા અને અબ્દુનિયાનો પરાજય થયો.

## 10. ગ્યાસુદ્દીન બલ્બનની કારકિર્દી વર્ણવો.

- બલ્બન ગુલામ હતો. બલ્બનના હાજરજવાબીપણાથી ખુશ થઈ શમસુદીન ઈસ્તુત્મિશે તેને ખરીદી લીધો. બુદ્ધિ, વફાદારી અને ખંતથી તે સુલતાનનો પ્રિય અને વિશ્વાસુ બની ગયાં. ત્યારબાદ તેને ચહલગાની (ચાલીસ અમીરો)નો સભ્ય બનાવવામાં આવ્યો. રઝિયાના શાસનકાળમાં તેને 'અમીર-એ-શિકાર' બનાવવામાં આવ્યો. રઝિયાને ગાદીએથી ઉથલાવવામાં તેણે સાથ આપ્યો.
- આથી સુલતાન બહેરામશાહે તેને રેવાડી અને હાંસીની જાગીરો ભેટ આપી તેની કદર કરી. નાસિરૂદીન ગાદીએ આવતાં તેણે બલ્બનની કાબેલિયતથી પ્રભાવિત થઈને તેને વજીર બનાવ્યો અને પોતાની પુત્રી તેની સાથે પરણાવી. આથી સલ્તનતમાં તેનું સ્થાન, પ્રતિષ્ઠા અને લાગવગ વધી ગયાં. અંતે તેને મુખ્યપ્રધાન પદે નીમવામાં આવ્યો. નાસિરૂદીનના અવસાન પછી બલ્બન 'ગ્યાસુદીન બલ્બન'નું નામ ધારણ કરી દિલ્લીની ગાદી પર બેઠો. બલ્બન સુલતાનના પદને સર્વો બનાવવા માંગતો હતો.
- આથી તેણે ચાલીસના જૂથને બરખાસ્ત કર્યું અને સર્વૉચ્ચ સત્તા પોતાના હાથમાં લીધી. તેણે સામ્રાજયને દૃઢ કર્યું. વિદ્રોહી કાર્યવાહી પર કડક નજર રાખવા તેણે ગુપ્તચર વિભાગનું સંગઠન કર્યું. તેણે લશ્કરને વધારે વ્યવસ્થિત, શિસ્તબદ્ધ અને કાર્યદક્ષ બનાવવા તેનું પુનર્ગઠન કર્યું. તેણે સુલતાન પદની પ્રતિષ્ઠા વધારવા નિષ્પક્ષ ન્યાયતંત્રની સ્થાપના કરી. દિલ્લી સલતનતને મજબૂત બનાવવા તેણે રાજ્યભરના બળવાખોરોનું તેણે મોંગોલ આકર્ષણો મારી માણાવ્યાં. બલબન વિદ્યા, સાહિત્ય અને કલાનો પ્રેમી તથા પોષક હતું. મોંગોલ પાસપી નાસી આવેલા વિદ્વાનોને તેણે રાજ્યાશ્રય આપ્યો હતો બલખાવવા, જાણવ બા કલા ના તાવા પાપક હતુ. મોંગોલ પાસપી નાસી આવેલા વિદ્વાનોને તેણે રાજ્યાશ્રય આપ્યો હતો. વિખ્યાત કવિ ખમીર ખુશરો અને માસન નિઝામી તેના દરબારની શોભા વધારતા હતા. બલ્બના મોટા પુત્ર મુહમદનું તેની તપાતીમાં જ અવસાન થયું હતું. બાકીના પુત્રો નિર્બળ અને આરામપ્રિય હોવાથી તેના દરબારના ખલજા સરદાર જલાલુદીને સત્તાનાં સૂત્રો સંભાળ્યાં અને દિલ્લીની ગાદી પર ખલજી વંશની સ્થાપના થઈ.

## 11. ગ્યાસુદ્દીન તુઘલકની રાજકીય કારકિર્દી જણાવો.

- અલાઉદીન ખલજીના શાસન કાળના અંતિમ વર્ષોમાં સમગ્ર સામ્રાજ્યમાં વિદ્રોહો ફાટી નીકળ્યા હતા. અલાઉદીનના અવસાન પછી થોડો સમય સત્તા પ્રાપ્ત કરવા માટે કાવાદાવા થતા રહ્યા. અંતમાં સત્તા અલાઉદીનના સરહદી સૂબાના હાથમાં રખાવી, તેણે 'ગાઝી મલિક ગ્યાસુદીન તુઘલ ક'' નામ ધારણ કરી તુઘલકવંશની સત્તા સ્થાપી. તુઘલકવંશના સ્થાપક ગાઝી મલિકનો જન્મ સામાન્ય તુ કવંશમાં થયો હતો. તેના પિતા બલ્બનના ગુલામ હતા અને માતા પંજાબના જાટકુળની મહિલા હતી. અગાઉના સુલતાનોની નિર્બળતાને કારણે કેટલાક રાજાઓ સ્વતંત્ર થઈ ગયા હતા.

- ગ્યાસુદીને સલ્તનતની પ્રતિષ્ઠા વધારવા વારંગલ પર નાકમણ કરી રાજા પ્રતાપરુદ્રદેવને પરાજય આપ્યો. બંગાળમાં સુલતાનના અવસાન પછી સત્તા માટે સંઘર્ષ ચાલતો હતો. ગ્યાસુદીને બંગાળ પર આક્રમણ કરી ત્યાં પોતાની સત્તા સ્થાપી. બંગાળથી પરત આવતાં તિરપટ(મિથિલા)ના રાજ હરસિહ સામે યુદ્ધ કરી તેને પરાજય આપ્યો. સલ્તનતમાં આંતરિક શાંતિ સ્થપાતાં ગ્યાસુદીને મહેસુલી સુધારાઓ કર્યા. તેણે વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારને સુધારવા માટેનાં પગલાં લીધાં. તેણે રસ્તાઓનું સમારકામ કરાવ્યું અને પુલો પણ બંધાવ્યા. તેણે ટપાલવ્યવસ્થામાં સુધારાઓ કરીને તેને વ્યવસ્થિત અને કાર્યક્ષમ બનાવી. તેણે ન્યાયતંત્ર અને પોલીસ વ્યવસ્થાને સુદ્રઢ બનાવી હતી. તેના અવસાન બાદ તેનો મોટો પુત્ર ફખરૂદીન મોહમ્મદ જુનાખાન 'સુલતાન મુહમ્મદ સુધલક' નામ ધારણ કરી સત્તા પર આવ્યો.

## 12. ''ફિરોજ તુઘલક એક પ્રજાકલ્યાણકારી શાસક હતો.'' સમજાવો.

- મુહમ્મદ તુપલકના અવસાન બાદ તેનો ભત્રીજો ફિરોજ ધલક (ઈ. સ. 1351થી 1388) દિલ્લીની ગાદીએ આવ્યો. તેણે મોંગોલ પ્રજાના આક્રમણના ભયથી મુક્તિ મેળવી સુખ, શાંતિ અને પ્રગતિ અપાવી. મોસૂલી ક્ષેત્રે તેણે ઉપયોગી સુધારાઓ કર્યા. તેણે અનેક નહેરો, જાહેર બાંધકામો, બાગ-બગીચા તથા વાડીમો તૈયાર કરાવી. તેણે ભારતમાં સર્વપ્રથમ વખત રોજગારી નિગમ ઊભું કરવી તે દ્વારા રાજ્યના બેરોજગાર યુવકોની યાદી તૈયાર કરી. તેમણે રોજી રોટી આપવા પ્રશંસનીય પ્રયત્નો કર્યા. તે પોતે વિદ્વાન અને લેખક હોવાથી તેણે વિદ્યાભ્યાસને ઉતેજન આપ્યું. તેણે પ્રજાકલ્યાણ માટે કુવા, તળાવ, રસ્તાઓ, દવાખાનાં વગેરે બંધાવ્યાં. વિદ્વાનો તેને સલ્તનતયુગનો 'અકબર' કહે છે. આમ, ફિરોજ તુઘલક એક પ્રજાલ્યાણકારી શાસક હતો.

## 13. 'તિમુર લંગને ભારત પર આક્રમણ કરવામાં સફળતા મળી.'' સમજાવો.

- સુલતાન ટ્રાન્સ ઓયિાના ખાતે ચુગતાઈ તુર્ક સરદારને પરાજય આપી ગાદીએ આવ્યો. પછી તે સમરકંદની ગાદીએ બેઠો. તે અત્યંત મહત્ત્વાકાંક્ષી હોવાથી તેણે ઈરાન, અફઘાનિસ્તાન અને ઇરાક પર આક્રમણો કર્યા. તેમાં સફળતા મળતાં તેણે ભારત પર આક્રમણ કરવાની તૈયારી કરી. (ઈ. સ. 1398-99) સુલતાન ફિરોજ તુઘલકના નિર્બળ વારસ નાસિરૂદીન મોહમ્મદના શાસન દરમિયાનની ભારતની નિર્બળ રાજકીય પરિસ્થિતિએ તેને યોગ્ય તક ઊભી કરી આપી.
- નાસિરૂદીન મોહમ્મદ તિમૂરનો યથાશક્તિ સામનો ર્યો, પરંતુ તેની સામે ટકી ન શકતાં તે મેદાન છોડીને ભાગી ગયો. પરિણામે તિમૂરે દિલ્લી કબજે કરી સમગ્ર શહેરમાં લૂંટફાટ, ત્રાસ, કતલ, બળાત્કાર સહિત અનેક અત્યાચારો ગુજાર્યા. તે પાછી મેરઠ, હરિદ્વાર, કાંગરા અને જન્મ જીતી, લૂંટી તેમને પણ ઉજ્જડ બનાવી દીધાં. આમ, તિમૂરે સંગને ભારત પર આક્રમણ કરવામાં સફળતા મળી.

## 14. ટૂંક નોંધ લખો : માળવાની સ્વતંત્ર સલ્તનત

- માળવાના રાજપૂત રાજાઓએ મધ્યકાળ સુધી પોતાનું સ્વંત્રત અસ્તિત્વ જળવી રાખવા માટે મુસ્લિમ શાસકો સાથે સંઘર્ષ કરવો પડ્યો હતો. ઇ.સ. 1310માં અલ્લાઉદીન ખલજીએ પોતાના મુલતાનના સુબાને માળવા જીતવા

મોકલ્યો. તેને ત્યના રાજા મહલક દેવ ને પરાજય આપ્યો. તેને ઉજ્જૈન, માંડું અને ચંદેરી કજે કર્યા. અહી અલાઉદીને પોતાના સુબાની નિમણુક કરી અને તેને પોતાના સામ્રાજયમાં ભેળવી દીધું. તે પછી ફિરોજ તુઘલ કે મોહમ્મદ ઘોરીના વંશજોને મળવા જાગીર તરીકે ભેટમાં આપ્યું.

- તૈમુર લંગના આક્રમણ સમયે ઉભી થયેલી રાજકીય અસ્થિરતા અને અંધાધૂધીનો લાભ લઇ દિલાવર ખાનની આગેવાની હેઠળ માળવા ફરી સ્વતંત્ર રાજય બન્યું. દિલાવરખાનના પુત્ર હુરાંગશાહે માંડુ(માંડવગઢ) ને ઇ.સ. 1406માં પોતાની રાજધાની બનાવી. તે ધર્મસહિષ્ણુ રાજવી હોવાથી માળવાના ઘણા હિન્દીઓ માંડુમાં આવીને વસ્યા. તેણે નર્મદા નદીના કિનારે સિંગાબાદ'' નામનું નવું નગર વસાવ્યું. માળવાનીમુખ્ય નગરી ધાર અને માંડુમાં હિન્દુ પરંપરા અનુસારનાં અનેક મુસ્લિમ સ્થાપત્યો થયાં છે. માંડુના હિંડોળા મહેલ, બાજબહાદુર અને રૂપમતીના મહેલો વગેરે વૈભવશાળી ઈમારતો છે.

### 15. સલ્તનતકાલીન ભારતની ધાર્મિક સ્થિતિ વર્ણવો.

- સલ્તનતકાલીન શાસન મુખ્યત્વે ઈસ્લામ ધર્મ પર આધારિત રાજયવ્યવસ્થા હતી. તે કુરાને શરીફના સિદ્ધાંતો, મહંમદ પયગંબર સાબના હદીસના સિદ્ધાંતો તેમજ તેમણે સુચવેલ ઇસ્લામિક શાસન પર ભાર મૂકતી હતી. પરંતુ કમનસીબે મોટા ભાગના સલ્તનતકાલીન સુલતાનો ક્ટર, ધમાંધ અને અન્ય ધર્મની પ્રજાના ચુસ્ત વિરોધી હતા. તેમની શાસનવ્યવસ્થા પર અસહિષ્ણુ અને રૂઢિચુસ્ત ઉલેમાનોની મજબૂત પકડ હતી. યુદ્ધ કે આક્રમણ વખતે હિન્દુ મંદિરો અને મૂર્તિઓનું ખંડન કરવું, અન્ય ધર્મીઓને ઇસ્લામ ધર્મ સ્વીકારવાની ફરજ પાડવી વગેરે બાબતો સુલતાનો માટે સહજ હતી.
- ભારતનો વિશાળ જનસમુદાય હિન્દુ ધર્મના વિવિધ સંપ્રદાયોને માનનારો તેમજ બૌદ્ધધર્મી અથવા જૈનધર્મી હતો. શૈવ, શાક્ત અને વૈષ્ણવમાર્ગી પ્રજાજનો અને સંતોએ પોતાની માન્યતાઓનું પ્રચલન ચાલુ રાખ્યું હતું. સલ્તનતકાળમાં જ્ઞાનમાર્ગી શૈવ સંતોમાં થયેલ શંકરાચાર્ય સોથી નોંધપાત્ર વ્યક્તિ હતી. તેમણે બ્રાહ્મણધર્મનું મહત્ત્વ વધાર્યું હતુ. વૈષ્ણવસંપ્રદાયના અનેક સંતોએ ધર્મક્ષેત્રે આપેલ પ્રદાન નોંધપાત્ર છે. વિવિધ વિસ્તારોમાં થયેલા સંતોમાં રામાનુજાચાર્ય, બસવેશ્વર માધવાચાર્ય, ચૈતન્ય મહાપ્રભુ. શાનેશ્વર વગેરેએ મુઘલકાળ સુધી પોતાની ધાર્મિક ચેતના ચાલુ રાખી. મીરાબાઈ, નરસિહ મહેતા વગેરેને ધાર્મિક સમન્વય સાધી સામાજિક અને ધાર્મિક ક્રાંતિ કરી, જે 'ભક્તિ આદોલન' તરીકે ઓળખાય છે. મુસ્લિમ સંતોને ઉદાર અને સમન્વય કરશે વરિ અપનાવી સામાજિક અને ધાર્મિક સુધારણા કરી, જે સુફી આંદોલન તરીકે ઓળખાય છે. આ સંતો જનસમાજ સાથે નિકટનો સંપર્ક ધરાવતા હોવાથી આ આંદોલનો સફળ થયાં.

### 16. ગીત, સંગીત અને નૃત્યકલાના ક્ષેત્રે સલ્તનતકાળનું પ્રદાન વર્ણવો.

- સલ્તનત કાળ દરમિયાન હિંદુનો અને મુસ્લિમો વચ્ચેના દીર્ઘકાલીન સંપર્કને લીધે એકબીજાનાં ગીત, સંગીત અને નૃત્યકલા પર ચિરસ્થાયી અસર થઈ. આઠમી સદીમાં મહંમદ બિન કાસીમે સિંધ પર વિજય મેળવ્યા પછી ઈરાની પ્રભાવવાળું ગીત-સંગીત ભારતમાં પણ દાખલ કર્યું. મહેમૂદ ગઝનવી ગીત-સંગીતનો શોખ ધરાવતો હતો.દિલ્લીના મોટા ભાગના સુલતાનોએ ગીત સંગીતને ઉત્તેજન આપ્યું. ઉત્તર ભારત કરતાં દક્ષિણ ભારતમાં હિન્દુ શાસ્ત્રીય સંગીત પૂર્ણ વિકાસ પામ્યું હતું.

- પંડિત સારંગદેવ દક્ષિણ ભારતનો મહાન સંગીતકાર હતો. અલાઉદીન ખલજી ચુસ્ત સુન્ની મુસલમાન હોવા છતાં ગીત, સંગીત પૂર્ણ અને નૃત્યનો શોખીન હતો. તેણે દક્ષિણ ભારતના વિખ્યાત હિન્દુ ગાયકો, નર્તકો અને સંગીતકારોને પોતાના દરબારમાં માં આશ્રય આપ્યો. હતો. તેમાં ગોપાલ નામનો ગાયક અત્યંત પ્રસિદ્ધ હતો. અલાઉદીન ખલજીના દરબારમાં અમીર ખુશરો નામે મહાન કવિ, સંગીતકાર અને ગાયક હતો. અમીર ખુશરો અને હિન્દુ કલાકાર ગોપાલ સાથેની ગીત, સંગીત ચર્ચા ઘણી રસપ્રદ છે.
- અમીર ખુશરોએ કવાલી નામની પ્રસિદ્ધ ગાયન-વાદન પદ્ધતિ વિકસાવી હતી તેમજ વીણામાં સુધારો-વધારો કરીને સિતાર જેવું વાજિંત્ર બનાવ્યું હતું, જે ઘણું જ પ્રસિદ્ધ થયું હતું. આમ, અમીર ખુશરોએ હિન્દુ અને ઈરાની સંગીતકલાનો સુભગ સમન્વય સાધ્યો હતો. સૈયદવંશના સુલતાનોએ આ પરંપરા જાળવી રાખી હતી, પરંતુ લોદીવંશના શાસકોએ એમાં વિરોષ રુચિ દશવિી ન હતી. પ્રાદેશિક રાજયોમાં જોનપુરનો સુલતાન હુસેનશાહ સંગીતવિદ્યામાં નિપુણ્ય હતો. તેણે ખયાલ' નામની ગીત-સંગીત પદ્ધતિ પ્રચલિત કરી હતી. માણવાના સુલતાન બોજબહાદુર, કરમીરના આબેદિન અને બિજાપુરૈના સુલતાન આદિલશાદ ગીત, સંગીત અને નૃત્યના ચાહક હતા. તેમની રાજસભામાં અનેક કામો અને સંગીતકારોને ઉત્તેજન મળતું હતું. ગ્વાલિયરના રાજા માનસિંહે શારદીય સંગીતના શોખીન હતા. તેમણે "ધ્રુપદ" નામની નવી ગીત-સંગીત પદ્ધતિ વિકસાવી હતી. નાયક બક્ષ નામનો મહાન સંગીતકાર તેમની રાજલ બાને શોભાવાતો હતો. વિજયનગર ના હિન્દુ રાજાઓએ પણ ગીત, સંગીત અને નૃત્યકલાને ઉતેજન આપ્યું હતું.